# પરિશિષ્ટ

# શબ્દસર

ISSN 2249-2933
Listed on UGC-CARE
list Group I

તંત્રી : કિશોરસિંહ સોલંકી   અંક : ૨૩૨ ઓક્ટોબર ૨૦૨૦



૧

શબ્દસર

વર્ષ : ૨૦

સળંગ અંક : ૨૩૨

ઓક્ટોબર : ૨૦૨૦

તંત્રી :

કિશોરસિંહ સોલંકી

પત્રવ્યવહારનું સરનામું :

સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
'એ' વિંગ, સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસ,
ખ-૭ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર – ૩૮૨૦૨૮

મુદ્રણ-વ્યવસ્થા :

ખુશ્બુ પ્રકાશન
૧૦૫, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી
અમદાવાદ-૩૮૦ ૦૦૬

માલિક :

ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ
સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
'એ' વિંગ, સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસ,
ખ-૭ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર – ૩૮૨૦૨૮

મુખપૃષ્ઠ અને ટાઈટલ ૩
ચિત્રકાર અશ્વિન યોગાનંદીની ચિત્રકૃતિઓ
કામદેવ અને રતિ

## સૂચનાઓ

૧. 'શબ્દસર' દર મહિનાની ૧૦મી તારીખે પ્રકાશિત થાય છે.

૨. 'શબ્દસર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦-૦૦ અને આજીવન રૂ. ૨૦૦૦-૦૦ રોકડ / ડ્રાફ્ટ/ મની-ઑર્ડરથી વર્ષમાં ગમે ત્યારે સ્વીકારવામાં આવે છે.

૩. 'શબ્દસર'ના ધોરણ અનુસાર લેખકોએ એક નકલ પોતાની પાસે રાખીને જ પ્રત મોકલવી. સાહિત્ય, કળા, ઇતિહાસ, સંસ્કૃતિ જેવા વિષયની કૃતિ-લેખ આવકાર્ય છે. અન્યત્ર મોકલેલી કે પ્રકાશિત કૃતિ-લેખ મોકલવાં નહીં. સ્વીકૃત/ અસ્વીકૃતનો જવાબ બે મહિના સુધીમાં આપવામાં આવે છે. લખાણ કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરમાં હોય એ જરૂરી છે. ઝેરોક્સ લખાણ ન મોકલવું. સરનામું જરૂર લખશો.

૪. પ્રકાશિત લખાણની જવાબદારી લેખકની છે. અભિપ્રાયો સાથે તંત્રી/ સંપાદકો સંમત છે એમ માની લેવું નહીં.

૫. ટપાલથી ગેરવલ્લે થયેલા અંકની જવાબદારી પ્રકાશકની રહેશે નહીં. પત્રથી જાણ કરનારને અંક હશે તો મોકલી અપાશે.

૬. 'શબ્દસર'નું લવાજમ ઑનલાઈન ભરી શકાય છે. ખાતાધારક : શબ્દસર, ખાતા સંખ્યા : ૧૦૦૦૫૪૫૦૨૭૯. બૅન્ક : સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, ગુજરાત મેરી ટાઈમ બોર્ડ કોમ્પ્લેક્ષ, ગાંધીનગર. IFSC CODE: SBIN0004291. ઑનલાઈન લવાજમ ભરનાર ગ્રાહકે પોતાનું પૂરું સરનામું, લવાજમ કઈ તારીખે ભર્યું છે તેની વિગતો પત્ર દ્વારા અવશ્ય જણાવવાની રહેશે.

'શબ્દસર' માસિકના તંત્રી, મુદ્રક અને પ્રકાશક કિશોરસિંહ સોલંકીએ મુદ્રણ ખુશ્બુ પ્રકાશન, ૧૦૫, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી અમદાવાદ - ૩૮૦૦૦૬ ખાતે તૈયાર કરી માલિક, ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ, સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગરના નેજા હેઠળ પ્રસિદ્ધ કર્યું.

# શબ્દસર

તંત્રી

કિશોરસિંહ સોલંકી

સંપાદક

નિસર્ગ આહીર ● ઋચા બ્રહ્મભટ્ટ

પરામર્શક

ડૉ. મણિલાલ હ. પટેલ ● ડૉ. વિજય પંડ્યા ● ડૉ. રૂપાલી બર્ક

પ્રકાશક

**ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ**

**સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ,**

**'એ' વિંગ, સમર્પણ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ કૅમ્પસ,**

**ખ-૭ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર – ૩૮૨૦૨૮**

shabdasar@gmail.com, nisargahir@gmail.com

www.samarpancollege.org/shabdasar

વર્ષ : ૨૦ સળંગ અંક : ૨૩૨ ઑક્ટોબર : ૨૦૨૦

**છૂટક કિંમત : રૂ. ૨૫**

# આનુપૂર્વી


સંપાદકીય : કામપ્રભાવ અને વિકૃતિ : નિસર્ગ આહીર ૫
એક બિલાડી : વિનોદ જોશી ૧૧
ભીતરથી ભાવમય : સંજુ વાળા ૧૨
ઈશ્વર કહે : ઉષા ઉપાધ્યાય ૧૩
મોડો આવ્યો : પ્રફુલ્લ રાવલ ૧૪
પંખીઓ : પાબ્લો નેરુદા : અનુવાદ : રમણીક અગ્રાવત ૧૬
રામ જાણે ! : પ્રતિજ્ઞા પંડ્યા ૧૮
અટકળ થૈ ગઈ : સુધીર પટેલ ૨૦
ગઝલ : રિન્કુ રાઠોડ ૨૧
આવડે છે : પરબતકુમાર નાયી 'દર્દ' ૨૨
ગઝલ : શબનમ ખોજા ૨૩
આંતરરાષ્ટ્રીય દલાલનો રોમાન્સ :
મૂળ લેખક : ઓ. હેન્રી : અનુવાદ : કાશ્યપી મહા ૨૪
વિરલ વિલક્ષણ પ્રેમકથા : પ્રસ્તાવના : યજ્ઞેશ દવે ૨૮
વિરલ વિલક્ષણ પ્રેમકથા-૧ : યજ્ઞેશ દવે ૩૧
કોઈ દુજો રંગ... : અરવિંદ બારોટ ૩૯
લાલ દેદનું કવિતાવિશ્વ : દર્શિની દાદાવાલા ૪૪
'ફૂટનોટ'માં યશવન્ત મહેતા : પ્રફુલ્લ મહેતા ૫૩
હેમર્શિયા (Hamartia) : કાલિન્દી પરીખ ૫૮
શિવમંદિરો : કલાપ્રતીકોની યોગાભિવ્યક્તિ : અરુણા જાડેજા ૬૧
વર્ષા અડાલજાની વાર્તાઓમાં સ્ત્રીવિષયક પ્રશ્નો અને
તેનાં સમાધાનો : મિતલ પટેલ ૬૭
ધીરુબહેન પટેલની વાર્તાઓમાં સ્ત્રીપાત્રો : પિનાકિની ઝાલા ૭૩
આ અંકના શબ્દધર ૮૨

# વર્ષા અડાલજાની વાર્તાઓમાં સ્ત્રીવિષયક પ્રશ્નો અને તેનાં સમાધાનો

## મિતલ પટેલ

મનુષ્યને અનુભવાતો બાહ્ય અને આંતરિક સંઘર્ષ સાહિત્યમાં નિરૂપાય છે. સ્ત્રીઓનાં કેટલાંય પ્રશ્નોની સાહિત્યમાં ચર્ચા થઈ છે. વર્ષા અડાલજાની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનાં આંતરિક સંઘર્ષનું નિરૂપણ થયું છે. અહીં તેમનાં સાત વાર્તાસંગ્રહોને કેન્દ્રમાં રાખીને સ્ત્રીઓની સમસ્યાઓ અને તેનાં લેખિકાએ સૂચવેલાં સમાધાનો વિશે રજૂઆત કરી છે.

૧. 'સાંજને ઉંબર' (૧૯૮૩) :

આ વાર્તાસંગ્રહમાં લેખિકાએ વિવિધ વયજૂથ અને સામાજિક પરિવેશ ધરાવતી સ્ત્રીઓનો અને તેમને ભોગવવી પડતી સમસ્યાઓનો અને સમાધાનોનો ઉલ્લેખ કર્યો છે. 'અવાજોનું ઘર'માં જીવનની પાછલી સંધ્યાએ એકલાં પડેલાં મધુબહેન દીકરાની વાટ જુએ છે. છેવટે દીકરી-જમાઈ તેમની એકલતાની પીડા દૂર થાય એવો રસ્તો કરી આપે છે. 'આસમાની રંગની સાડી'માં ગામની અબુધ સોના ડ્રાઈવર સાથે ભાગીને શહેર જાય છે. પ્રેમમાં દગો મળતાં તે ભગ્ન હૃદયે ઘરે પાછી આવે છે.

'પ્રેમગલી અતિ સાંકરી'ની નાયિકા વારંવાર બાળક ગુમાવ્યાની વેદના સહે છે. છેવટે બાળક દત્તક લેવા માટે પતિએ સૂચવેલો માર્ગ પસંદ કરીને સમાધાન મેળવે છે. ચાળીસ વર્ષની વયે પતિને ગુમાવી દેનાર 'સાક્ષી'ની રોઝા અપંગ બાળકીને જન્મ આપે છે. સમય જતાં એ બાળકી જ તેના જીવનનું ધ્યેય અને પ્રેરણા બની જાય છે. વર્ષોની તપશ્ચર્યા બાદ એ ગીતકાર બનીને રોઝાને ગર્વ અપાવે છે. 'મુક્ત કારાગાર'ની અવની સ્વરક્ષણ માટે પતિની ગેરહાજરીમાં તેના મિત્રનું ખૂન કરે છે. પછીથી એ પતિનો સાચો ચહેરો ઓળખી શકે છે. આથી તે સ્વયં જેલમાં જવાનું નક્કી કરીને પતિને મુક્ત કરી દે છે.

'અમે રે ઊડણ ચરકલડી'ની શાંતાને જન્મથી જ મૂંગી એવી પુત્રી છે. તેના પ્રત્યે પતિને કોઈ જ લાગણી કે સંવેદના નથી એ વાત શાંતા જાણી ગઈ છે. આથી પતિગૃહ મૂકીને પિયરના ઘરે પાછી આવવાનો નિર્ણય લે છે.

૨. 'એંધાણી' (૧૯૮૯) :

'હરિ મને આપો એકાદી એંધાણી'ની રૂપા એક સંપન્ન પરિવારની પુત્રવધૂ છે. તેને રક્તપિત્તનો રોગ થયાની જાણ થાય છે. તબીબ પતિ રૂપાને અડધી રાતે છાનીમાની આશ્રમમાં મૂકી આવે છે. તે ઈશ્વરને ફરિયાદ કરતી પોતાના પુત્ર માટે ઝૂરે છે. 'ભાગ્યનું લખત'માં ફૂલ જેવી કોમળ રાજરાણી પર બળાત્કાર થાય છે ત્યારે એની સામે અવાજ પણ ઉઠાવી શકતી નથી. આવી ડરેલી યુવતીઓ માટે લેખિકાએ કોઈ સમાધાન નથી સૂચવ્યું. 'મધુર ક્ષણો'ની નાયિકા સુજાતા વિકલાંગ બાળકને કારણે ક્યાંય જઈ શકતી નથી. તે ફરવા જઈ શકે તે માટે તેની બન્ને બહેનપણીઓ બાળકની જવાબદારી સ્વીકારે છે. સુજાતા ખુશ થાય છે. આ વાર્તાઓમાં નાયિકાઓ સંઘર્ષ માટેનાં નિરાકરણો શોધી લે છે.

૩. 'બીલીપત્રનું ચોથું પાન' (૧૯૯૪) :

'બીલીપત્રનું ચોથું પાન'ની લીલા નિઃસંતાન હોવાને લીધે આશ્રમમાંથી બાળક દત્તક લે છે. એ જ્યારે યુવાન થાય છે ત્યારે લીલાને એ ચિંતા સતાવે છે કે તે એને છોડીને જતો રહેશે. 'ડ્રીમલેન્ડ'ની યુવાન નાયિકા નોકરી કરીને ઘરનું પૂરું કરે છે. તેનાં લગ્ન માટે કોઈને ઉતાવળ નથી. આથી તે મનોમન હિજરાય છે. સતત પુરુષનો સહવાસ ઝંખતી નાયિકા ઑફિસમાં એક મિત્ર બનાવીને તેની ઝંખના પૂર્ણ કરે છે. 'બે સ્ત્રીઓ'માં એક સાસુ અને ભાવિ પુત્રવધૂ છે. બન્ને પુરુષથી છેતરાયાની લાગણી અનુભવે છે અને એકબીજાનો પર્યાય બનીને જીવનમાં આગળ વધવાનું નક્કી કરે છે. આ માટે માતા પુત્રને ત્યજી દેવાની પણ તૈયારી રાખે છે. 'ચંપાનું ફૂલ'ની કિશોરી ભણતરના ભાર હેઠળ દબાઈ ગઈ છે. મિત્ર જેવાં શિક્ષિકાબહેન મળી જતાં હવે તે ખુશી ખુશી શાળાએ જવા તૈયાર થાય છે. 'શીરો'ની કુસુમ પતિથી એ હદે ત્રાસી ગઈ છે કે એનું ખૂન કરીને મુક્તિ મેળવે છે.

૪. 'ગાંઠે બાંધ્યું આકાશ' (૧૯૯૮) :

'ગાંઠે બાંધ્યું આકાશ'નાં રૂક્ષ્મણીબહેન પતિના વર્તુળના પરિઘમાં હંમેશા ઉભડક જીવે રહેલાં છે. પતિના મૃત્યુ બાદ તે જીવવાનું શરૂ કરે છે. પોતાના ભાગે આવતાં નાણાં બાબતે પુત્ર સાથે બેધડક ચર્ચા કરે છે. પતિના ખૂનના આરોપસર જેલની સજા ભોગવીને મુક્ત થયેલી 'સતી' પુરુષોથી ડરતી નથી. હવે તે પુરુષપ્રધાન સમાજમાં રહેવા અને ટક્કર ઝીલવા માટે સક્ષમ બની ગઈ છે.

'ઓ રંગ રસિયા'માં ટોપની હિરોઈન બનવા માટે સંઘર્ષ કરતી રાનીનો તેનાં જ પરિવારજનો દુરુપયોગ કરે છે. છેવટે કંટાળીને તે મેનેજર સાથે ભાગી જાય છે. 'શાંતિ'માં વિધવા શાંતિને ઘરમાં આશરો આપવાને બહાને તેનું શોષણ કરવામાં આવે છે અને આખા ઘરનો કાર્યભાર તેને સોંપી દેવાય છે. આ વાત સમજી ચૂકેલી તે અમુક જવાબદારી છોડીને હળવી થવા મથે છે. 'ચક્કર'ની નાયિકા

ગામડામાંથી પરણીને શહેરમાં આવી છે. પાર્ટીમાં પતિનો બોસ તેની કાબેલિયતને જાણ્યા વગર કેવળ રૂપને જોરે કામ આપી દેવા તૈયાર થાય છે. અમૃતા એની બદદાનત સમજી જાય છે અને પતિને ત્યાંથી પાછો લઈ આવે છે.

'તપ'માં વસંતનો પતિ ધાર્મિક ક્રિયાકાંડોમાં પરોવાઈ ગયો છે. પતિની અવહેલનાથી કંટાળી ગયેલી નાયિકા તેને ઘર અને પોતાના જીવનની બહાર મોકલીને એકલા જીવવાની ખુમારી બતાવે છે. જયારે એ જ પ્રમાણે 'મંગળસૂત્ર'ની સ્વાભિમાની નાયિકા પતિનો અન્ય સ્ત્રી સાથેનો સંબંધ જાણી જતાં ઘર છોડીને જતી રહે છે. 'બટમોગરો'માં માતાના ચારિત્ર્ય પ્રત્યે શંકા અનુભવતી યુવાન દીકરીની વ્યથા વર્ણવાઈ છે. માતા તેને પત્ર લખીને સાચી હકીકત જણાવે છે.

**૫. 'અનુરાધા' (૨૦૦૩) :**

'જોડકું' વાર્તાની નાયિકા બે દીકરીઓની માતા બને છે. આથી તેને સાસુની નારાજગી વહોરી લેવી પડે છે. તે પતિને ચોખ્ખું સંભળાવી દે છે કે પોતાની પુત્રીઓને ભોગે એ પુત્રને જન્મ નહીં જ આપે! પતિ સાથે અણબનાવ થતાં અનુરાધા શ્વસુરગૃહ છોડીને પિયર આવી છે. પોતાનું જ ઘર સમજીને આવેલી 'અનુરાધા'ને અનુભવ થાય છે કે આ ઘર હવે પારકું થઈ ગયું છે. તે પોતાની વ્યવસ્થા હોસ્ટેલમાં કરાવીને ત્યાં રહેવા જતી રહે છે. 'લાંબી ધીમી તપતી બપોર'માં છૂટાછેડા માટે વલવલતી ત્યક્તા સ્ત્રીની વ્યથા વર્ણવાઈ છે. તેનું કોઈ સમાધાન લેખિકાએ સૂચવ્યું નથી.

'બાજી'માં ફિલ્મ પ્રોડ્યુસર પતિનું એક્ટ્રેસ સાથેનું અફેર જાણ્યા પછી પણ કશું જ ન કરી શકતી સ્ત્રીની વેદના છે. 'આંધી'ની નાયિકા અમેરિકન પતિ પાસેથી ભારત આવી છે અને મહેનત કરીને પુત્રને ઉછેર્યો છે. આજે તેનો યુવાન પુત્ર તેને સામો થાય છે ત્યારે તે મક્કમ મને તેને ઘરમાંથી કાઢી મૂકે છે. 'વખ'માં ડ્રગ્સના બંધાણી એવા પુત્રના વર્તનથી ત્રસ્ત થઈ ગયેલી માતા આખરે પરિવારનાં અન્ય સભ્યોની સુખાકારી માટે તેને તેના હાલ પર છોડીને શહેર બદલીને જતા રહેવાનો નિર્ણય કરે છે.

**૬. 'કોઈ વાર થાય કે' (૨૦૦૪) :**

'પ્રેમાંકુર'માં શાંતિબા પતિ અને પુત્ર વચ્ચે થયેલા ખટરાગને કારણે દુઃખી છે. ઘર છોડીને ગયેલા પુત્રની યાદમાં દિવસો પસાર કરે છે. અંતે જીદ્દી પતિને પુત્રશોધ માટે સમજાવી શકે છે. 'બસ થોડાં ડગલાં સાથે ચાલવું'ની કરુણા પતિના મૃત્યુ બાદ એકલી પડી ગઈ છે. સમાજના તીક્ષ્ણ પ્રશ્નોથી બચવા પ્રૌઢ ઉંમરે તે હમઉમ્ર વિધુર સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. 'નામ : નયના રસિક મહેતા'ની નયના પતિ અને સાસુના અસહ્ય ત્રાસથી થાકી ગઈ છે. તે હિંમતવાન થઈને પોલીસ પાસે જઈને તેમની વિરુદ્ધ ફરિયાદ લખાવે છે.

'વાવલી'ની હિના વિચારે છે કે પુત્રીને ભણાવીને પગભર કરવાનું કર્તવ્ય પિતા નિભાવે છે. તો પુત્રીની કમાણી પર શું પિતાનો હક નથી? શા માટે પરિણીત સ્ત્રીને પોતાની કમાણી સાસુના હાથમાં સોંપી દેવી પડે? આથી જ તે હવેથી દર મહિને થોડી રકમ નાની બહેનોના ભણતર માટે માતાને આપશે એવો નિર્ણય કરે છે. 'વચન પૂરું કરું છું'ની રમા પતિની ભ્રષ્ટ દાનત જાણી ગઈ છે. સસરાને આપેલું વચન પૂર્ણ કરવા માટે પતિના સંસારને અને તેની જાહોજહાલીને એક જ રાતમાં છોડી દેવાનો નિર્ણય કરે છે. 'સંચિત સોનેરી ક્ષણો'માં સમગ્ર ઘરની જવાબદારીથી ઘેરાયેલી યુવાન ઈશાની પોતાના વ્યસ્ત જીવન વચ્ચે પણ પ્રેમીને મળવાનો સોનેરી સમય કાઢી લે છે.

**૭. 'તને સાચવે પારવતી' (૨૦૧૦) :**

આધુનિક નારીની વ્યાખ્યામાં બંધબેસતી 'કમ્પ્લીટ ફેમિલી'ની અનીતા વંધ્યત્વના શ્રાપથી પરેશાન છે. એકલતા ટાળવા તે ઘરમાં એક ગલૂડિયું લઈ આવે છે. ખાડે ગયેલી શિક્ષણ પદ્ધતિને સીધા રસ્તે લાવવા 'દીપમાળ'ની શિક્ષિકા પગલાં લે છે. શાળાના આચાર્ય અને ટ્રસ્ટીગણની સામે મોરચો ખડો કરી દેવાનું સાહસ દર્શાવે છે. 'અદૃશ્ય રેખા'ની નાયિકા પતિને હિંમત અપાવીને, પોતાના દાગીના વેચીને આગળ લાવે છે. હવે ઊંચા સ્થાને પહોંચેલા પતિને એ ગમાર લાગે છે, ત્યારે એ બાળકો અને સંસારની માયા મૂકીને પોતાને રસ્તે ચાલી જવાનું કૌવત ધરાવે છે.

'તને સાચવે પારવતી'ની રક્ષાનું સમગ્ર યૌવન માનસિક વિકલાંગ બાળકીની કાળજીમાં ખર્ચાઈ જાય છે. આખરે એની જ સુરક્ષા માટે તેને એક સંસ્થામાં મૂકવા રક્ષા હૈયું કઠણ કરે છે. 'બ્લાસ્ટ'ની નાયિકા ચુસ્ત વૈષ્ણવ પરિવારનાં કીશુબહેન છે. એમની દીકરી એક મુસ્લિમ યુવાનના પ્રેમમાં પડે છે.માતાના અથાગ પ્રયત્નો પણ તેને પાછી વાળી શકતા નથી.

'તેં હજી જવાબ ન આપ્યો?'ની પુષ્પા પતિની બેવફાઈની સાક્ષી બની છે. પતિની નફફટાઈની સામે તે એવો જ પ્રતિપ્રશ્ન મૂકે છે કે પતિની જેમ જ પોતાને પણ એક પ્રેમી હોય તો શું એનો સ્વીકાર પતિ કરશે ખરો? 'ભીની રેતીમાં પગલાં'ની અપર્ણા ટૂંક સમયમાં પતિના ત્રાસને કારણે છૂટી થઈને પિયર આવી છે. પુનર્લગ્ન માટે કુંવારો છોકરો ન મળે એ સમસ્યા વચ્ચે તે માતાને સહારે ફરી જીવવાનું શીખે છે.

**#વાર્તાસંગ્રહને આધારે સ્ત્રીપાત્રોની સમસ્યાઓ અને સમાધાનો અંગેનું વિશ્લેષણ :**

આ સંગ્રહમાં વર્ષા અડાલજાએ સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓ દર્શાવી છે. તે સમસ્યાઓ અંગેનાં સમાધાનો પણ સૂચવ્યાં છે.

સંગ્રહની વાર્તાઓમાં પરિણીત, કુંવારી, કિશોર, વૃદ્ધા, વગેરે પરિવેશની સ્ત્રીઓ છે. આધુનિક સ્ત્રીને પરણીને બંધાવું પસંદ નથી. છૂટાછેડા પામેલી યુવતી ફરીથી જોડાવાના મનોમંથનમાં પડી છે. પુત્રીઓને જન્મ આપવા બદલ સાસુનો ઠપકો સાંભળવો પડે એવી સ્ત્રી છે. દામ્પત્ય જીવનનો ખટરાગ, આંતરજ્ઞાતીય લગ્નની સમસ્યા, વિકલાંગ બાળકોની જવાબદારી, બાળક ન હોવાની વેદના, સામાજિક રિવાજો સામે બંડ, અંધશ્રદ્ધા, સત્તાલોલુપ નેતાઓની દાદાગીરી, ઉપરી અધિકારીઓની વાસનાભરી નજરો – આ સર્વસામાન્ય નારીપ્રશ્નોનું આ સંગ્રહોમાં વાસ્તવિક રીતે નિરૂપણ થયું છે.

આ સંગ્રહની સ્ત્રીઓ સકારાત્મક વલણ અપનાવીને સમસ્યાઓમાંથી માર્ગ કરે છે. આધુનિક યુગની પગભર સ્ત્રીઓની સાથે જ ગરીબ અને અભણ સ્ત્રીઓ પણ હવે કોઈની શેહશરમ રાખ્યા વિના પોતાનું એક અલગ વ્યક્તિત્વ અને આંતરિક ઓળખ ઊભી કરવા મથતી જોઈ શકાય છે. જુનવાણી પરંપરાનો ત્યાગ કરી અને લગ્નભંગ થયેલી પુત્રીનું ઘર ફરી વસી જાય તે માટે પ્રયત્નો કરતી આધુનિક માતાનો અહીં પરિચય મળે છે. મુંબઈ નગરીની વાર્તાઓમાં શહેરીજીવનની હાડમારીને દર્શાવી છે.

**તારણો :**

આ વાર્તાસંગ્રહમાંથી સ્ત્રીઓને અનુભવાતા પ્રશ્નો અને તેનાં સમાધાનો પરથી મળેલાં તારણો આ મુજબ છે :

- વર્ષા અડાલજાની વાર્તાઓ સરળ ભાષામાં લખાઈ છે. ગ્રામ્ય અને શહેર પ્રમાણે બોલીનો વિનિયોગ જોવા મળે છે. મુંબઈનો પરિવેશ ધરાવતી વાર્તાઓમાં મરાઠી ભાષાનો વિનિયોગ છે. પરદેશના વર્ણનમાં અંગ્રેજી ભાષાની છાંટ જોઈ શકાય છે.
- વાર્તાઓમાં પ્રતીક, પીઠ ઝબકાર, પ્રથમ પુરુષ કથનકેન્દ્ર જેવી વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો છે. તે થકી સ્ત્રી-સંઘર્ષને ઘેરો બનાવ્યો છે. જેમ કે, 'ખાલી હીંચકો'માં માતૃત્વ ન પામ્યાની વેદના ધરાવતી સ્ત્રીની સમસ્યા આલેખી છે.
- પરંપરાગતની સાથે આધુનિક પ્રશ્નોને તેમની વાર્તાઓમાં સ્થાન મળ્યું છે. લેખિકાએ તેના સમયોચિત ઉકેલો આપ્યા છે.
- ઘણી સ્ત્રીઓ સમસ્યાઓનો સ્વીકાર કરે છે. પોતાના વ્યક્તિત્વનો લોપ કરીને સમાધાન કરે છે. અન્ય સ્ત્રીઓ પ્રશ્નો સામે ઝઝૂમતી અને તે માટેનો માર્ગ કરતી જોવા મળે છે.
- સમાજમાં ફેલાયેલી જડ અને ધાર્મિક અંધશ્રદ્ધાને નકારવા માટેનું આત્મબળ કેળવી શકે એવી સ્ત્રીનું નિરૂપણ આ સંગ્રહમાં છે.

- બાળક માટે મનોમન હિજરાતી સ્ત્રીઓની સમસ્યાઓ અહીં સ્થાન પામી છે. તો બાળકને પાપનું ફળ માની ત્યજી દેવાની તૈયારી કરતી નારીના હૃદય પરિવર્તનના ચિત્ર થકી પણ પ્રશ્નો અને સમાધાનો આપ્યાં છે.
- બાળકોને ઉછેરવા જાતને નિચોવી નાખતી સ્ત્રીઓ તેમની નિરંકુશ ગેરવર્તણૂક ચલાવી ન લેતાં હૃદય પર પથ્થર મૂકીને તેમને સજા આપવાની પણ હિંમત ધરાવે છે.

આમ, આ સંગ્રહોની નારીઓને અનેક પ્રશ્નોનો સામનો કરવાનો આવે છે, જો કે પોતાની સમસ્યાઓનો યથાયોગ્ય ઉકેલ લાવવા માટે તેઓ કટિબદ્ધ છે. આ માટે તેઓએ ક્યાંક સમાધાનકારી વલણ અપનાવ્યું છે, તો ક્યાંક વિદ્રોહી અને બળવાખોર પણ બની છે. વર્ષા અડાલજા જાણે છે કે ફક્ત નારીમુક્તિનો ઝંડો હાથમાં લઈને જ સ્ત્રીસ્વાતંત્ર્ય નહીં મળે. તેમણે એ માટેના સબળ પ્રયાસો પણ કર્યા છે.

---

**સંદર્ભગ્રંથો :**


- વર્ષા અડાલજા, 'અનુરાધા', અમદાવાદ : આર. આર. શેઠની કંપની, ૨૦૦૩
- 'એંધાણી', અમદાવાદ : આર.આર. શેઠની કંપની, ૧૯૮૩
- 'કોઈ વાર થાય કે...', અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૨૦૦૪
- 'ગાંઠે બાંધ્યું આકાશ', અમદાવાદ : આર.આર. શેઠની કંપની, ૧૯૯૮
- 'તને સાચવે પારવતી', અમદાવાદ : આર.આર. શેઠની કંપની, ૨૦૧૦
- 'બીલીપત્રનું ચોથું પાન', અમદાવાદ : આર.આર. શેઠની કંપની, ૧૯૯૪
- 'સાંજને ઉંબર', અમદાવાદ : આર.આર. શેઠની કંપની, ૧૯૮૩